# જિલ્લાના ૪૪,૪૪૨ કાર્ડધારકોએ સ્વયંભૂ રીતે અનાજ ન મેળવી સરકારની અપીલને ગ્રાહ્ય રાખી

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના Non NFSA APL-1 કાર્ડ ધારકો માંથી ૪૪,૪૪૨ કાર્ડ ધારકોએ ૧૦ કિલો ઘંઉ, ૩ કિલો ચોખા, ૧ કિલો દાળ અને ૧ કિલો ખાંડ મળી કુલ – ૧૫ કિલોગ્રામ અનાજ આપવામાં આવતું હતું.



પરંતુ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય દ્વારા રાજયના મુખ્ય મંત્રીની અપીલને સમર્થન આપીને જિલ્લાના Non NFSA APL-1 કાર્ડ ધારકોને રાશનનો જથ્થો જરૂર ન હોય તો સ્વેચ્છાએ જતો કરવાની અપીલ કરવામાં આવી હતી. જેના સમર્થનમાં ગાંધીનગર જિલ્લાના Non NFSA APL-1 કાર્ડ ધારક માંથી ૪૪,૪૪૨ કાર્ડ ધારકો સ્વયંમ રીતે આ અનાજનો જથ્થો લેવા રેશનીંગની દુકાને ગયા જ ન હતા.

ગાંધીનગર જિલ્લામાં રાજય સરકાર દ્વારા આપવામાં આવેલા વિના મૂલ્યે અનાજના જથ્થામાંથી ૬૬૬.૬૩ મેટ્રિક ટન અનાજનો જથ્થાનું વિતરણ થયું નથી. જેમાં ૪,૪૪,૪૨૦ કિલોગ્રામ ધંઉ, ૧,૩૩,૩૨૬ કિલોગ્રામ ચોખા, ૪૪,૪૪૨ કિલોગ્રામ દાળ અને ૪૪,૪૪૨ કિલોગ્રામ ખાંડ નો જથ્થો આ કાર્ડ ધારકો દ્વારા લેવામાં આવ્યો નથી.



૬૬૬ મેટ્રિક ટનથી વધુ રાજય સરકાર દ્વારા મળનાર વિના મૂલ્યે અનાજનો જથ્થો સ્વયંમૂ રીતે લેવા ન આવીને સરકારની અપીલને પ્રત્યેક નહી પણ પરોક્ષ રીતે સમર્થન આપ્યું છે. તેમજ ૬૪,૮૪૦ Non NFSA APL-1 કાર્ડ ધારકો એ જ વિના મૂલ્યે અનાજ મેળવ્યું છે, તેવું જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નિરૂપા ગઢવીએ જણાવ્યું છે.

સમગ્ર ગુજરાતમાં Non NFSA APL-1 કાર્ડ ધારકોને તા.૧૩ થી ૧૭મી એપ્રિલ દરમ્યાન વિના મૂલ્યે અનાજનું વિતરણ ગાંધીનગર જિલ્લામાં કરવામાં આવ્યું હતું. સરકારની આ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ૧,૦૯,૨૮૨ Non NFSA APL-1 કાર્ડ ધારકો આ જથ્થો મેળવવા માટે હક્કદાર હતા. તેમને સરકાર દ્વારા

# રાજ્યમાં આજથી છ હજાર જેટલા ઉદ્યોગો ધમધમતા થયા : રૂપાણી

ગાંધીનગર, તા. ૨૦

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોના વાયરસની પ્રવર્તમાન સ્થિતીમાં જાહેર થયેલા તા. ૩ મે સુધીના લોકડાઉન દરમ્યાન આર્થિક પ્રવૃત્તિઓ શરૂ કરવા તા. ૨૦ એપ્રિલ સોમવારથી ઊદ્યોગ એકમો શરૂ કરવા માટેની છૂટછાટો અંગે ભારત સરકારની ગાઈડલાઈન્સના સંદર્ભમાં રાજ્યમાં પણ ઊદ્યોગ-વાણિજ્ય પ્રવૃત્તિઓ શરૂ કરવાના કરેલા નિર્ણયને સફળ પ્રતિસાદ સાંપડયો છે.

રાજયમાં મહાનગરપાલિકા-નગરપાલિકા હદ વિસ્તાર સિવાયના વિસ્તારોમાં ઊદ્યોગ એકમો સોશીયલ ડિસ્ટન્સીંગ નોર્મ્સ અને કામદારો શ્રમિકોમાં કોરોના સંક્રમણ વધે નહિ તેની તકેદારી સાથે ફરી શરૂ કરવા દેવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતામાં રાજ્યના ૬ હજાર ઊદ્યોગ-એકમો પ્રથમ દિવસે સોમવારે કાર્યરત થયા છે.

ગુજરાતમાં તા. ૨૦ એપ્રિલ સોમવારે જે ૬ હજાર જેટલા ઊદ્યોગ એકમો કાર્યરત થયા છે તેમાં ૪૦ થી ૪૫ હજાર શ્રમિકો-કામદારો ફરજ પર આવીને રોજગારી મેળવતા થયા છે.

જે ઊદ્યોગ એકમો વિવિધ જિલ્લાઓમાં પૂનઃ શરૂ થયા છે તેમાં અમદાવાદ ૧૦૦૦ રાજકોટ ૩૫૦ વડોદરા ૬૦૦, સુરત ૨૫૦, ભરૂચ ૪૫૦, વલસાડ ૬૦૦, મોરબી ૪૦૦, ગાંધીનગર ૪૦૦, કચ્છ ૭૫૦ અને બાકીના જિલ્લાઓમાં અંદાજે ૮૫૦ જેટલા એકમો શરૂ થયા છે.

આ એકમોમાં મોટાભાગે કેમિકલ્સ, સિરામીક ટાઇલ્સ, સિમેન્ટ અને લઘુ ઊદ્યોગોનો સમાવેશ થાય છે. ભાવનગરના અલંગ શીપબ્રેકીંગ યાર્ડને પૂનઃ શરૂ કરવાની પરવાનગી પણ આપી દેવામાં આવી છે અને તે આવનારા બે-ત્રણ દિવસમાં કાર્યરત થતાં હજારો શ્રમિકોને રોજગારી મળતી થશે.

રાજ્યમાં ઊદ્યોગોને અપાઇ રહેલી પરવાનગીઓ ધ્યાનમાં લેતાં આગામી બે દિવસમાં ૧૫ હજારથી વધુ એકમો કાર્યરત થવાનો અંદાજ છે.

મુખ્યમંત્રીશ્રીએ લોકડાઉનના સમય દરમ્યાન શ્રમિકો-કામદાર વર્ગોને રોજગારી-આર્થિક આધાર મળી રહે સાથોસાથ સોશિયલ ડિસ્ટન્સીંગ સહિતના ભારત સરકારના દિશાનિર્દેશોનું ચુસ્ત પાલન થાય તેની તકેદારી સાથે રાજયમાં ઊદ્યોગ એકમો કાર્યરત કરવા જિલ્લાકક્ષાએ કલેકટરની અધ્યક્ષતામાં ૬ સભ્યોની સમિતિની રચના કરેલી છે.

આ સિમિતી ઊદ્યોગ શરૂ કરવાની પરવાનગી આપવા સાથે ગાઈડલાઈન્સના પાલન અંગેની પણ સતર્કતા રાખે છે જે ઊદ્યોગો ભારત સરકારના દિશાનિર્દેશોનું ઉલ્લંઘન કે ચૂક કરે તો આવા એકમોની પરવાનગી પરત લઇ લેવાના સત્તાધિકારો પણ મુખ્યમંત્રીશ્રીએ આ સમિતિને આપ્યા છે.

## ખૂણેખાંચરેથી

- જાણીતા યુવા અગ્રણી તરંગ હાથીએ પોતાનો ૪૮મો જન્મદિવસ રક્તદાન કરી ઉજવ્યો હતો. છેલ્લા વીસ વર્ષથી તેઓ નિયમિત રીતે જન્મદિવસ અને લગ્ન દિવસની ઉજવણી રક્તદાન કરીને કરે છે. તેઓ સે. ૨૨ સ્થિત ગાંધીનગર આયુર્વેદ હોસ્પિટલના પૂર્વ આર.એમ.ઓ. ભાલચંદ્ર હાથીના દિકરા છે.
- ગાંધીનગર તાલુકાના ભોંયણ રાઠોડ ગામની પ્રા. શાળાની શિક્ષિકાબેન તૃપ્તિબેન દિનકરભાઈ ગજ્જર તરફથી ભોંયણ રાઠોડ ગામના ૧૦૫ જેટલા જરૂરિયાતમંદ પરિવારોને જીવન જરૂરી ચીજવસ્તુઓ (ખાદ્યપદાર્થ)ની ૧૦૫ જેટલી કીટ બનાવી વિતરણ કર્યુ છે. અંદાજે રૂ. ૩૭૦૦૦ની કીટ તૈયાર કરી વિતરણ કરવામાં ગામના સરપંચ કૈલાસબેન પી. પટેલના માર્ગદર્શન પ્રમાણે ગામના યુવકમંડળના સ્વયંસેવકોને સાથે રાખી આ વિતરણ કર્યુ હતુ.
- ઈન્ડિયન મેડીકલ એસો. દ્વારા વિજય કોવિડ-૧૯ મિશન અંતર્ગત વિવિધ મેડીકલ ક્ષેત્રની કામગીરી હાથ ધરી છે.
- રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વડોદરાના ધારાસભ્યો, સાંસદો સાથે વિડીયો કોન્ફરન્સ કરી પરિસ્થિતિની વિગતો મેળવી અને સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે તમામ શાખાધિકારીઓની એક બેઠક બોલાવી હતી અને તેમાં કોરોનાના સંક્રમણને અટકાવવા માટે લેવાયેલા પગલાંઓ તેમજ અધિકારીઓએ કરેલી કામગીરીની સમીક્ષા કરી હતી.

## સેકટર-૧૨ ઉમિયા મંદિર સામે માર્ગ પરથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર સે-૧૩ સ્થિત છાપરા ખાતે રહેતો સફાઈ કર્મચારી વિજય ચંદુભાઈ ચૌહાણ સફાઈ કર્મી તરીકે કામ કરે છે. ૧૭ એપ્રિલના રોજ તે પોતાનુ જી.જે.૦૧. એસ. એન. ૭૩૨૮ નંબરનું પેશન પ્રો બાઈક લઈને નોકરી પર આવ્યો હતો. સવારના સમયે બાઈક કર્મચારીએસે-૧૨ ખાતે પાર્ક કરીને ઘ-૩ થી ઘ-૪ વચ્ચે માર્ગની સફાઈ ચાલી રહી હતી. અગીયાર વાગ્યાના અરસામાં તે કામ કરીને પરત ફર્યો હતો, ત્યારે તેણે જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. યુવાને પોતાની રીતે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરીને રાહ જોઈ હતી.




## દહેગામ પાસેના નાદોલમાં યુવાનોનો કોરોના વિશે અનોખો જનજાગૃતિ સંદેશ

વિશ્વમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે ત્યારે લોકો દ્વારા સેવાકીય કાર્યો સાથે જનજાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યું છે. દહેગામ તાલુકાના નાંદોલ ગામના ૨૦ યુવાનો દ્વારા જુદા જુદા પોસ્ટર થકી હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ સુંદર જન સંદેશો સોશિયલ મીડિયામાં વહેતો કર્યો છે. આ વીસ યુવાનોએ અલગ અલગ રીતે એક પોસ્ટર પોતાના હાથમાં રાખી સંદેશો મૂક્યો છે કે ‘આજે છુટા રહીશું તો કાલે ભેગા જરૂર થઈશું પણ અત્યારે જો ભેગા થઈશું તો હંમેશા માટે છુટા પડી જઈશું આભાર.’ તેમજ અંગ્રેજીમાં લખ્યુ છે કે "We All In This Together So Please Stay Home and Help Us Stop The Spread." કોરોના બીમારી જીવલેણ હોવાથી સાવચેતી જરૂરી બની છે જેથી યુવાનો આ સંદેશા થકી વિશ્વભરના લોકોને ઘરે જ રહેવા આગ્રહ કરી રહ્યા છે. કોરોના ના સંક્રમણને અટકાવવા સોશિયલ ડીસ્ટન્સ ખુબ જ મહત્વનો ભાગ ભજવે છે ત્યારે યુવાનોના આ સંદેશાને સૌ કોઈએ ખુબ જ ઉપયોગી ગણાવી સર્વત્ર વાઈરલ કરવામાં ઉત્સુકતા દર્શાવી છે અને યુવાનોના આ રીતના દેશપ્રેમ અને યોગદાનને બિરદાવ્યો છે.

## લીંબડીયા ગામના સરપંચે જાતે ગામને રોગમુક્ત કરવા ફોગીંગ મશીનથી દવાનો છંટકાવ કર્યો

ચિલોડા, તા. ૨૦

કોરોના વાયરસના સંક્રમણને રોકવા જાગતા નર સદા સુખીના મંત્રને સાર્થક કરવા માટે તાલુકાના લીંબડીયા ગામના સક્રિય સરપંચ હર્ષદભાઈ પટેલે જાતે ગામમાં હાલની સંકટ સમયની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરપંચ તરીકે જાતે ગામને રોગમુક્ત રાખવા માટે એક્ટીવા પર ફોગીંગ મશીનથી દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

# નાના ચિલોડાના ક્રિષ્ના બંગ્લોઝ ખાતે પોઝિટીવ કેસ આવતા કન્ટેન્ટમેન્ટ ઝોન અને બફર ઝોનનું મેપીંગ સર્વેની કામગીરી

ગાંધીનગર

અમદાવાદ જિલ્લાના નાના ચિલોડાના ક્રિષ્ના બંગ્લોઝ ખાતે તા. ૧૯મી એપ્રિલ, ૨૦૨૦ ના રોજ આવેલા પોઝિટીવ કેસની ગાંધીનગર જિલ્લામાં આવતા કલસ્ટર કન્ટેન્ટેમેન્ટ વિસ્તારમાં જિલ્લા આરોગ્ય ટીમ દ્વારા કલસ્ટર કન્ટેનમેન્ટ જાહેર કરી કન્ટેન્ટમેન્ટ ઝોન અને બફર ઝોનનું મેપીંગ સર્વેની કામગીરી કરવામાં આવી છે, તેવું ગાંધીનગર જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મનુભાઈ સોલંકીએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મુનભાઈ સોલંકીએ વધુમાં જણાવ્યું છે કે, આ વિસ્તારમાં સોડિયમ હોઈપેકલોરાઈડ સોલ્યુશન સ્પ્રે કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જે આગામી ૩ દિવસ સુધી સતત કરવામાં આવશે. નાના ચિલોડાના કલસ્ટર કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાં કુલ- ૮ ટીમ બનાવી કુલ ૧૦,૫૦૦ ની વસ્તીનો હાઉસ ટુ હાઉસ સર્વે શરૂ કરવામાં આવ્યો છે. જે આગામી ૧૪ દિવસ સુધી નિયમિત રીતે કરવામાં આવશે. આરોગ્ય ટીમ દ્વારા ઉક્ત વિસ્તારમાં જનજાગૃત્તિ અર્થે આઈ.ઈ.સી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં કુલ કલસ્ટર કન્ટેન્ટમેન્ટ વિસ્તારની વસ્તી ૫૬,૧૫૧ છે. જેમાં રાંચરડા કલસ્ટર કન્ટેન્ટમેન્ટ વિસ્તારની વસ્તી ૭,૧૯૨, કોલવડા કલસ્ટર કન્ટેન્ટમેન્ટ વિસ્તારની વસ્તી ૧૩,૬૫૭, લોદરા કલસ્ટર કન્ટેન્ટમેન્ટ વિસ્તારની વસ્તી ૮,૮૨૮, નાના ચિલોડા (ક્રિષ્ના બંગ્લોઝ) કલસ્ટર કન્ટેનમેન્ટ વિસ્તારની વસ્તી ૧૫,૯૭૩ અને ઝુંડાલ (દેવ પેરેડાઈઝ) કલસ્ટર કન્ટેનમેન્ટ વિસ્તારની વસ્તી – ૧૦૫૦૦ છે. કોલવડા, રાંચરડા અને લોદરા ખાતે ચાલી રહેલ હાઉસ ટુ હાઉસ સર્વેમાં એક પણ વ્યક્તિને શરદી, ખાંસી અને તાવ ત્રણેય હોય તેવી એક પણ વ્યક્તિ જોવા મળેલ નથી.



કચેરીઓ શરૂ થઈ છે પરંતુ હજુ ચા-નાસ્તાની લારીઓ, ગલ્લા બંધ છે. જો કે અમુક કચેરીઓમાં સખી મંડળોને ચાની કીટલી શરૂ કરવાની પરવાનગી આપવામાં આવી રહી છે. સખી મંડળોની કીટલી પર ચા પીવા ઘણા કર્મચારીઓ એકત્ર થયા હતા.

## પોલીસે ભોયણ રાઠોડ, રૂપાલ અને ફતેપુરામાંથી વિદેશી દારુ ઝડપી પાડ્યો

ગાંધીનગર તાલુકાના ભોંયણ રાઠોડ ગામમાં પેથાપુર પોલીસે બાતમીને પગલે રેઈડ પાડીને ગામમાં રહેતા જુહાજી લાધાજી ઠાકોર (ઉં.૫૭) ના ઘરેથી કિ.રૂ.૧૪૦૦નો ૨૭૦ લીટર દેરી દારુ પકડી પાડ્યો હતો. જયારે પેથાપુર પોલીસે રૂપાલ ગામના ઠાકોર વાસમાં રેઈડ પાડીને રતનબેન ફુલાજી ઠાકોરના ઘરેથી ૫૬ લીટર વોશ પકડી પાડ્યો હતો. શહેરના ફતેપુરામાંથી કોકીબેન વિનુજી ઠાકોરના ઘરેથી પોલીસે ૭૦ લીટર વોશ અને નંદીબેન ઉદાજી ઠાકોરના ઘરેથી ૩૫ લીટર વોશ તેમજ ભીખીબેન કનુભાઈ રાવળના ઘરેથી ૩૫ લીટર વોશ પકડી પાડી તમામ સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કલોલ તાલુકાના કોઠા ગ્રામ કેળવણી મંડળ દ્વારા રાહતફંડમાં દાન અપાયુ

ગાંધીનગર, તા. ૨૦

કોરોના મહામારીના સમયમાં આજે ગરીબ માણસોની સ્થિતિ ખૂબ જ દયનીય છે. તેવા માણસોને મદદ મળી રહે તે હેતુથી કલોલ તાલુકાના કોઠા ગ્રામ કેળવણી મંડળના પ્રમુખ નવિનચંદ્ર કાન્તિલાલ પટેલ દ્વારા રાહતફંડમાં રૂ. ૧,૫૦,૦૦૦નું દાન આપવામાં આવ્યુ છે. જે ખૂબજ સરાહનિય કામ કહેવાય. જો આ રીતે પ્રધાનમંત્રી ફંડમાં દાન આપવામાં આવે તેવી ઈચ્છા પ્રમુખે રાખેલી છે.

# કોબા ગ્રામજનો અને સોસાયટીના દાતાઓ દ્વારા મુખ્યમંત્રી રાહતફંડમાં એક લાખ ત્રણ હજારનો ચેક અર્પણ

ગાંધીનગર, તા.૨૦

સમગ્ર ગુજરાતમાં કોરોનાએ કહેર મચાવ્યો છે. કોરોના ને પગલે લોકડાઉન કરવામાં આવ્યું છે. ત્યારે કોરોના વાયરસની સામે લડાઈ લડવા માટે મુખ્યમંત્રી રાહત ફંડમાં નાગરીકો ઉદાર હાથે દાન આપી રહ્યા છે. ત્યારે આજે કોબા ગામના ગ્રામજનો અને સોસાયટીના સભ્યો તેમજ સભાસદો દ્વારા કોરોના વાયરસ સામે લડવા માટે દાનની સરવણી વહાવી છે.

જેમાં આશ્કા કો.સો.(મનોરમ્ય બંગ્લોઝ) તરફથી રૂ.૫૧,૦૦૦, મહેશભાઈ એચ પટેલ તરફથી રૂ.૩૧,૦૦૦(મહાવીર એન્કલેય), નારણભાઈ વી પટેલ તરફથી રૂ.૧૧,૦૦૦ (મહાવીર એન્કલેય), તેમજ રાધે ગ્રીન્સ બંગ્લોઝ રીતેશ પટેલ તરફથી



૧૧,૦૦૦ હજાર સહિત કુલ રૂ.૧,૦૩,૦૦૦ નો ચેક કોબા ગામના સરપંચ યોગશ નાયી, મનોરમ્ય બંગ્લોઝના પ્રતિનિધી ઈલા વોરા (એડવોકેટ) કોબા ગામના ગ્રામ પંચાયત સભ્ય તેમજ ભાજપના કાર્યકર્તા મોન્ટુ પટેલના હસ્તે આજે જિલ્લા કલેકટરની કચેરી ખાતે નાયબ કલેકટર અજયસિંહ ઝાલાને મુખ્યમંત્રી રાહત ફંડમાં જમા કરાવવા માટે અર્પણ કર્યો હતો.

# ગાંધીનગર જિલ્લામાં ૪૦,૩૩૩ માસ્ક અને ૧૦,૯૭૯ સેનીટાઈઝરની બોટલનો જથ્થો ઉપલબ્ધ

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં નોવેલ કોરોના વાયરસને નાથવા માટે માસ્ક અને સેનિટાઈઝરનો જથ્થો પૂરતા પ્રમાણમાં છે. આજના દિવસમાં ગાંધીનગર જિલ્લાના વાસીઓ માટે ૪૦,૩૩૩ માસ્ક અને ૧૦,૯૭૯ બોટલ સેનિટાઈઝરનો જથ્થો પર્યાપ્ત માત્રામાં છે, તેવું ફૂડ એન્ડ ડ્રગ્સના નાયબ કમિશનર એસ. જી. શાહે જણાવ્યું છે.



ફૂડ એન્ડ ડ્રગ્સના નાયબ કમિશનર શ્રી એસ.જી.શાહે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં માસ્કનો પૂરતો જથ્થો છે. આજે તા. ૨૦મી એપ્રિલ, ૨૦૨૦ સુધીમાં ગાંધીનગર જિલ્લામાં ૪૦,૩૩૩ માસ્ક ઉપલબ્ધ છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૨૨,૧૧૨, કલોલ તાલુકામાં ૨,૭૯૩, માણસા તાલુકામાં ૧,૭૭૮ અને દહેગામ તાલુકામાં ૧૩,૬૫૦ માસ્ક નો જથ્થો પર્યાપત છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે સેનિટાઈઝર એ મહત્વની ભૂમિકા અદા કરી રહ્યું છે. આ સેનિટાઈઝરનો જથ્થો પણ ખૂબ સારી માત્રામાં ગાંધીનગર જિલ્લામાં છે. આજે તા. ૨૦મી એપ્રિલ, ૨૦૨૦ સુધીમાં ગાંધીનગર જિલ્લામાં કુલ- ૧૦,૯૭૯ બોટલ સેનિટાઈઝરની ઉપલબ્ધ છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૩,૭૯૧, કલોલમાં ૪,૬૭૭, માણસામાં ૯૨૫ અને દહેગામમાં ૧,૫૮૬ સેનિટાઈઝરની બોટલનો જથ્થો ઉપલબ્ધ છે.

આમ નોવેલ કોરોના વાયરસનું સંક્રમણ ઘટાડવા માટે જરૂરી માસ્ક અને સેનિટાઈઝરનો જથ્થો આપણી પાસે છે. તે ઉપરાંત જેમ જેમ વિવિધ વિસ્તારના મેડિકલ સ્ટોર્સમાંથી આ જથ્થાનું વેચાણ થતું હોય છે. તેમ તેમ તે તાલુકાને માલ સપ્લાય નિયમિત રીતે કરવામાં આવે છે. આ બન્ને વસ્તુના વિતરણની સુચારું વ્યવસ્થા ગાંધીનગર જિલ્લાના કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ ગોઠવવામાં આવી છે.